જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.03/03/૨૦૨૩  શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી, ૩૧૪ લીટર દેશી દારૂ, ૧૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬ બિયર ટીન, ૨ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૩૮૭/૨૦૨૩

**બાપુનગરઃ** બાપુનગર અજીતમીલ ચાર રસ્તા કેપીટલ બેકરીની પાછળ રત્નબીજ પાર્ક ખાતે આવેલ "ઇંસ્ટાકાર્ટ સર્વિસીસ પ્રાઇવેટ લીમીટેડ" કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા રમેશભાઇ ધલાજી ચૌહાણ (ઉ.વ.૪૨)(રહે. હરિકૃષ્ણ સોસાયટી સરદાર ચોક વિરાટનગર ઇસનપુર) એ તા.૦૨/03/૨૦૨૩ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૧/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યાના પહેલાં કંપનીની ઓફીસ ખાતે કંપની તરફથી ઓનલાઇન લેવામાં આવતા પ્રોડકેટમાંથી કુલ ૬૦ મોબાઇલ કુલ કિંમત રૂપિયા ૧૫,૪૩,૬૩૯/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૮૮/૨૦૨૩**

**નિકોલઃ** મીત ભરતભાઈ હંસલીયા (ઉ.વ.૨૨) (રહે. સુમતિનાથ સોસાયટી વ્યાસવાડી પાસે નરોડા) એ તા.૦૨/૦૩/૨૦૨૩ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૨/૨૦૨૩ બપોરના ૧/૩૦ થી તા.૦૨/૦૩/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ શેલ્બી હોસ્પીટલ પાછળ, એ.એમ.સી.ના ખુલ્લા મેદાનમાં પાર્ક કરેલ તુલસી ટ્રાવેલ્સની અશોક લેલન બસ નંબર જીજે.૦૩.બીટી.૮૦૧૧ કિમત રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.કુશ્વાહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૮૯/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સીટીઃ** નવરંગપુરા એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ “બી” બ્લોક બોયઝ હોસ્ટેલ ખાતે રહેતા દિવ્યેશભાઇ વિજયભાઇ ધોધારી (ઉ.વ.૧૭) (મુળ વતન. સંતોષીકૃપા સોસાયટી લલિતા ચોકડી સુરત) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૩/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.સથવારા ચલાવે છે.

**વાડજઃ** તપસ્વીબહેન ઉર્ફે તુલસી વા/ઓ પિન્કલભાઇ ચૌહાણ (ઉ.વ.૨૬)(રહે. શિવમ એપાર્ટમેન્ટ નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૩/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

**સાબરમતીઃ** ભાવનાબહેન વા/ઓ ગીરીશભાઇ મારૂ (ઉ.વ.૨૬)(રહે, રામભાઇ મુખીની ચાલી રામબાગ રોડ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને પંચશીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૩/૨૦૨૩ બપોરના ૧૨/૪૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી યુ.કે.પંડયા ચલાવે છે.

**આનંદનગરઃ** રાજુભાઈ ભગાભાઈ વાળોદરા (ઉ.વ.૩૫)(રહે. કૃષ્ણધામ ઔડાના મકાન વિભાગ-૧ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૨/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન સાંજના ૭/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અહેમદખાન ચલાવે છે.

**નરોડાઃ** શૈલેષ જયંતિભાઇ રાવળ (ઉ.વ.૨૮)(રહે.આત્રેય એલીગન્સ રેલ્વે ફાટક પાસે નરોડા જી.આઇ.ડી.સી.નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૨૦૨૩ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે ચોથા માળે ગેલેરીમાંથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

**રામોલઃ** ભગવાનભાઇ સુમેરસિંગ કુશવાહ (ઉ.વ.૬૦)(રહે.સુમીનનગર સોસાયટી ભાવના સ્કુલ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ મગનભાઇ ચલાવે છે.

**ઇસનપુરઃ** સલીમભાઇ સફીભાઇ મંસુરી (ઉ.વ.૪૮)(રહે.પાનવાળી ચાલી શાહઆલમ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૨/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૩/૨૦૨૩ કલાક ૪/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી